# 25

**ભૂગર્ભ જળના અયોગ્ય વ્યવસ્થાપનને લઈ સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરીટી દ્વારા દંડ**

***15/4/223 શ્રી અમિત ચાવડા** (આંકલાવ): **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભૂગર્ભ જળના અયોગ્ય વ્યવસ્થાપનને લઈ સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરીટી દ્વારા રાજ્યને ક્યારે કેટલી રકમનો દંડ કરાયો, | (૧) | છેલ્લા બે વર્ષમાં સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરીટી દ્વારા સરકારને કોઈ દંડ કરવામાં આવેલ નથી. |
| (૨) | ઉક્ત દંડની રકમ ક્યારે ભરવામાં આવી, | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) | ઉક્ત રકમ બજેટના ક્યા હેડ હેઠળ ઉધારવામાં આવી, અને | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) | રાજ્યમાં ભૂગર્ભ જળનું યોગ્ય વ્યવસ્થાપન થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા ? | (૪) | રાજ્યમાં ભૂગર્ભ જળનાં સ્તર ઉંચા લાવવા માટે જળ સંપત્તિ વિભાગ દ્વારા જળ સંચયના કામો જેવા કે ચેકડેમ બનાવવા અને રીપેરીંગ કરવા, તળાવો ઉંડા કરવા, ચેકડેમોમાં ડી–સીલ્ટીંગની કામગીરી વગેરે કરવામાં આવે છે.<br>ગુજરાતના ૬ જીલ્લાઓના ૩૬ તાલુકાઓ (રાજ્યના ઓવર એક્ષ્પ્લોઈટેડ, ક્રીટીકલ અને સેમી ક્રીટીકલ કક્ષામાં આવતા – વર્ષ ૨૦૧૭ ના અંદાજ મુજબ) ના ૧૮૭૩ ગ્રામ પંચાયતોમાં હાલમાં અટલ ભુજલ યોજના કાર્યરત છે.<br>અટલ ભુજલ યોજના ભૂગર્ભ જળને લગતી છે અને તેનું લક્ષ્ય દેશના એવા ભાગોમાં ભૂજળ સ્તરને ઉપર લાવવાનું છે કે જ્યાં ભૂગર્ભ જળનું સ્તર નીચે ઉતરી ગયેલું છે.<br>અટલ ભુજલ યોજનાના વિસ્તારમાં રિચાર્જ ટ્યુબવેલ તેમજ સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ (ડ્રિપ/સ્પ્રીંકલર) નું આયોજન કરવામાં આવ્યું છે. |

---